દાખલ તારીખ : ૦૬–૦૩–૨૦૨૬
રજી. તારીખ : ૦૬–૦૩–૨૦૨૬
ફેસલ તારીખ : ૧૭–૦૩–૨૦૨૬
સમય ગાળો : વર્ષ: માસ: દિવસ:
૦૦ – ૦૦ – ૧૧

**જૂનાગઢના મહે. છઠ્ઠા એડીશ્નલ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં,**
**મુ.જુનાગઢ**

**ફોજદારી પરચુરણ અરજી નં. ૧૭૨/૨૦૨૬**

આંક :

**અરજદાર :** ભુપતભાઈ કાળાભાઈ એરડા,
ઉ.વ.૫૦, ધંધો–મજુરી, ધર્મે–હિન્દુ,
રહે. કસ્તુરબા સોસાયટી, દોલતપરા(પાર્ક),
જુનાગઢ.

**–:: વિ રૂ દ્ધ ::–**

**સામાવાળા :** સ્ટેટ ઓફ ગુજરાત,
નોટીશ થ્રુ : ગવર્નમેન્ટ પ્લીડર,
જુનાગઢ.

બાબત : બી.એન.એસ.એસ.ની કલમ–૪૯૭ મુજબ
મુદ્દામાલ પરત મળવા અંગે.

અરજદાર તરફે વિ.વકીલશ્રી વાય.એમ.ઠાકોર.
સામાવાળા/સરકારશ્રી તરફે વિ. પી.પી. શ્રી એન.કે.પુરોહીત.

**–: ઠ રા વ :–**

(૧) અરજદારે હાલની અરજી દાખલ કરી જણાવેલ છે કે, જૂનાગઢ બી–ડીવી. પો. સ્ટે. ગુ. રજી. નં. ૧૧૨૦૩૦૨૪૨૬૦૦૬૧/૨૦૨૬, બી.એન.એસ.ની કલમ ૧૩૬(૨), ૮૭ મુજબના ગુનાના કામે પોલીસે મારૂતી કંપનીની ઈકકો કાર રજી.નં.

GJ.11.CQ.7904 વાળુ  મુદ્દામાલ તરીકે કબજે કરેલ છે અને સદરહુ મુદ્દામાલના અરજદાર માલીક છે. સદરહુ વાહન રોજબરોજના વપરાશ અને ધંધાને ઉપયોગી સાધન છે  અને કેસ ચાલતા લાંબો સમય જાય તેમ છે તેથી સદર મુદામાલ જો લાંબો સમય પોલીસ કસ્ટડીમાં પડી રહે તો તેમાં યાંત્રીક ખામી ઉભી થાય તેમજ તેના સ્પેરપાર્ટસને નુકશાન થાય અને ઘણોં મોટો ખર્ચ આવે અને તે નકામુ થઈ જાય છે. તેથી ટ્રાયલ ચાલતા દરમ્યાન યોગ્ય શરતોને આધિન મુદ્દામાલવાળુ મોટરસાયકલ તેઓને પરત સોંપવા અરજદારે હાલની આ અરજી  કરેલ છે.

(૨)  અરજદારે તેની અરજીના સમર્થનમાં આંક–૩ ના લીસ્ટથી એફ.આઈ.આર.ની નકલ તથા કલમ ઉમેરો માર્ક ૩/૧ થી, મુદ્દામાલવાળા વાહનની આર.સી.બુકની નકલ માર્ક–૩/૨ થી, લોન એકાઉન્ટના સ્ટેટમેન્ટની નકલ માર્ક–૩/૩ થી, અરજદારના આધાર કાર્ડની નકલ માર્ક ૩/૪ થી, ગાડીના વીમાની પોલીસીની નકલ માર્ક ૩/૫ થી રજુ રાખેલ છે. જે લક્ષમાં લેવામાં આવેલ છે.

(૩)  અરજદારની અરજી અન્વયે સામાવાળાને નોટીસ કરતા સામાવાળા શ્રી સરકાર તરફે વિ. પી.પી. શ્રી એન.કે.પુરોહીત થયેલા છે અને અરજી અન્વયે તપાસ કરનાર પોલીસ અધિકારીનો અભિપ્રાય આંક–૦૫ થી રજુ થયેલ છે તેમાં મુદ્દામાલવાળુ વાહન સગીર વયની બાળાનું અપહરણ કરવામાં ઉપયોગ કરેલ હોય જેથી જો પરત કરવામાં આવશે તો ફરીવાર આવા ગુન્હામાં ઉપયોગમાં લેશે જે તમામ હકીકતે  મુદ્દામાલ વાહન મારૂતી સુઝુકી કંપનીની ઈકકો કાર પરત ન સોંપવા અભિપ્રાય આપેલ છે  અને અભિપ્રાય સાથે પંચનામુ તથા મુદ્દામાલ પાવતી રજુ કરેલ છે જે લક્ષમાં લેવામાં આવેલ છે.

(૪)  અરજદાર તરફે વિ. વકીલશ્રી વાય.એમ.ઠાકોરને સાંભળ્યા તથા સામાવાળા શ્રી સરકાર તરફે વિ. પી. પી. શ્રી એન.કે.પુરોહીતને સાંભળ્યા.

(૫) આ કામે અરજીની હકીકત, પક્ષકારોની દલીલો, રજુ દસ્તાવેજી આધારો, પોલીસ અભિપ્રાય ધ્યાને લેતાં જૂનાગઢ બી–ડીવી. પો. સ્ટે. ગુ. રજી. નં. ૧૧ ૨૦૩૦૨૪૨૬૦૦૬૧/૨૦૨૬, બી.એન.એસ.ની કલમ ૧૩૬(૨), ૮૭ મુજબના ગુનાના કામે પોલીસે મારૂતી સુઝુકી કંપનીની ઈકકો કાર રજી.નં. GJ.11.CQ.7904 વાળુ મુદ્દામાલ તરીકે કબજે લીધેલ છે. વધુમાં આ કામે કબજે લેવામાં આવેલ મુદ્દામાલ ઈકકો કારની આર. સી. બુક આ કામે માર્ક ૩/૨ થી રજુ કરેલ છે. તે લક્ષમાં લેતા મારૂતી સુઝુકી કંપનીની ઈકકો કાર રજી.નં. GJ.11.CQ.7904 વાળી કાર અરજદારના નામે નોંધાયેલ છે. જેથી સદર મુદ્દામાલવાળા વાહનના અરજદાર માલિક હોવાનુ જણાય આવે છે. પરંતુ, પોલીસ અભિપ્રાય તથા પંચનામુ ધ્યાને લેતા સદરહુ મુદ્દામાલ હાલના અરજદાર પાસેથી કબજે લેવાયેલ નથી અને આ કામના અરજદારના દિકરા પાસેથી સદરહુ મુદ્દામાલ કબજે લેવાયેલ છે તેઓ જયુડી.કસ્ટડીમાં છે જે આ કામે આંક–૬ ની પુરશીશથી જાહેર કરેલ છે. જે ધ્યાને લેવામાં આવેલ છે. વધુમાં પોલીસ અભિપ્રાય ધ્યાને લેતા મુદ્દામાલ નહીં સોંપવા અંગે જણાવેલ છે. પરંતુ, તપાસના કામે કોઈ જરૂરીયાત હોય તેવુ જણાતુ નથી. તેમજ સદર ગુનાની ટ્રાયલ ચાલતા લાંબો સમય પસાર થાય તેમ હોય, આ સમય દરમ્યાન વાહન પોલીસ સ્ટેશનમાં બીન–ઉપયોગી પડયુ રહે તો તેમાં યાંત્રીક સ્પેર પાર્ટસ ખરાબ થઈ જાય તેમજ ટાયર–ટયુબ વિગેરે ખરાબ થઈ જાય તેમ છે. આ કામે તમામ સંજોગોને લક્ષમાં લેતાં તથા આ તબબકે નામદાર સુપ્રિમ કોર્ટના **એ.આઈ.આર. ૨૦૦૩. સુ.કો. પેજ નં.–૬૩૮. સુંદરલાલ અંબાલાલ દેશાઈ –વિ– સ્ટેટ ઓફ ગુજરાત**ના ચુકાદામાં પ્રસ્થાપિત થયેલા માર્ગદર્શક સિધ્ધાંતો મુજબ તેને બિન ઉપયોગી પડી રાખવાથી કોઈ હેતુ સરે તેમ નથી. જયારે તેના કબજેદાર–માલિકને નુકશાન થાય છે. ત્યારે સમગ્ર હકીકતો જોતા હાલની અરજી દાદનો ઈન્કાર કરવો ન્યાય સંગત જણાતું ન હોય તેમજ આ કામના અરજદાર જામીન આપવા અને શરતો પાળવા તૈયાર અને ખુશી હોય, આ સંજોગોમાં યોગ્ય શરતોને આધિન મુદ્દામાલનો, કેસ ચાલતા દરમ્યાન વચગાળાનો કબજો પરત

સોંપવાથી ન્યાયનો હેતુ જળવાય તેમ હોય ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબ હુકમ કરું છું.

**<u>-: હુકમ :-</u>**

(૧) અરજદારની અરજી આથી મંજુર કરવામાં આવે છે.

(૨) જૂનાગઢ બી-ડીવી. પોલીસ સ્ટેશન ગુના રજી.નં.૧૧૨૦૩૦૨૪૨૬૦૦૬૧ /૨૦૨૬, બી.એન.એસ.ની કલમ ૧૩૬(૨), ૮૭ મુજબના ગુનાના કામે પોલીસે મુદ્દામાલ તરીકે કબજે લીધેલ મારૂતી સુઝુકી કંપનીની ઈકકો કાર રજી.નં. **GJ.11.CQ.7904** વાળુ, મુદ્દામાલ પાવતીમાં જણાવેલ રકમથી દોઢી રકમના સધ્ધર જામીન તથા તેમજ તેટલી જ રકમના જાત મુચરકા રજુ કર્યેથી કેસ ચાલતા દરમ્યાનનો વચગાળાનો કબજો અરજદારને નીચેની શરતોને આધિન પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

**<u>શરતો :-</u>**

૧) અરજદારે સદર મુદામાલ વાળા વાહનની ઓળખમાં ફેરફાર થાય તેવું કોઈ કૃત્ય કરવું નહીં.

૨) અરજદારે મુદામાલવાળું વાહન કેસ ચાલતા સુધી અન્ય કોઈને કોઈપણ રીતે વેંચાણથી, બક્ષીસથી, ગીરોથી કે કોઈપણ રીતે ટ્રાન્સફર તબદીલ કરવું-કરાવવું નહીં.

૩) અરજદારે ઉપરોકત મુદ્દામાલવાળુ વાહન કોર્ટ ફરમાવે ત્યારે હુકમ મુજબ રજુ કરવાનું રહેશે.

૪) અરજદારે ઉપરોકત મુદ્દામાલ વાળા વાહનનો કોઈ ગેરકાનુની પ્રવૃતિમાં ઉપયોગ કરવો-કરાવવો નહીં.

૫) અરજદારને મુદ્દામાલ સોંપતી વખતે ત. ક. અમલદારે અરજદારના ખર્ચે મુદ્દામાલ વાહનના ચારેય એંગલથી ટ્રાયલ દરમ્યાન મુદ્દામાલ ઓળખી શકાય તે રીતે ફોટા પાડી અત્રેની કોર્ટમાં રજુ કરવા.

(૩) હુકમ મુજબના જામીન અને જાત મુચરકા સબંધીત પોલીસ સ્ટેશનમાં રજૂ કરવા.

(૪) આ હુકમની યાદી સબંધીત પોલીસ સ્ટેશન તરફ મોકલી આપવી.

આ હુકમ આજ તારીખ–૧૭ મી, માહે–માર્ચ, સને–૨૦૨૬ ના રોજ વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

જૂનાગઢ.

તા. ૧૭–૦૩–૨૦૨૬

**(એ. આર. રાણા)**
છઠ્ઠા એડીશ્નલ સેશન્સ જજ,
જુનાગઢ
(કોડ નં.જીજે.૦૦૯૬૫)